સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની બહેનોને શિવણવર્ગોમાં તાલીમ આપવા અંગેની યોજના.

૧૯૭૯-૮૦ વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બકર-૧૩૭૯-૬૪૫૫૪-ક,
સચિવાલય, ગાંધીનગર,
તા.૩-૯-૭૯.

વંચાણમાં લીધા :- (૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૧-૯-૭૮નો ઠરાવ ક્રમાંક: બકર-૧૩૭૮-૪૪૪૮૯-ક.

(૨) સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા.૧૯-૫-૭૯નો પત્ર ક્રમાંક:સક/બક/૨/૧૩૨૪.

-----

ઠ રા વ :-

મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૧-૯-૭૮નો ઠરાવ ક્રમાંક:બકર-૧૩૭૮-૪૪૪૮૯-ક, અન્વયે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની બહેનોને શિવણ વર્ગોમાં તાલીમ આપવાની યોજનાને મંજુરી આપવામાં આવી હતી. નીચે જણાવેલ થોડા ફેરફાર સાથેની તે યોજનાને ૧૯૭૯-૮૦ના વર્ષમાં અમલમાં મૂકી શકાય તે માટે રૂ.૨૧,૦૦૦/- (અંકે રૂ.એકવીસ હજાર પૂરા) ના ખર્ચને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની દરેક બહેન દીઠ એક શિવણ મશીનના તેના સાધનો સાથેના ખર્ચની ૫૦ ટકા રકમ રૂ.૪૦૦/-સુધી સહાય તરીકે તાલીમ બાદ આપવાની રહેશે. બાકીની ૫૦ ટકા રકમ લાભાર્થીએ પોતે ભોગવવાની રહેશે. દરેક તાલીમાર્થીઓને જે માસિક રૂ.૧૫/- (અંકે રૂપીયા પંદર પૂરા)ની વૃત્તિકા ૧૨ માસ સુધી આપવામાં આવે છે. તે પણ આપવાની ચાલુ રહેશે.

૩. ૧૯૭૯-૮૦ના વર્ષ દરમ્યાન ઉપરોક્ત યોજનાનો અમલ કરવા માટેના જરુરી તમામ પગલાં સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે તાત્કાલિક લેવા.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર" ૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ-અ- સામાજિક શૈક્ષણિક પછાત જાતિઓનું કલ્યાણ-૧ ક-બીસીકે-(૧૩૪) આર્થિક ઉત્કર્ષ મહિલા શિવણ કેન્દ્રોમાં તાલીમાર્થીઓને વૃત્તિકા " ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો. જરુર જણાયે, ખર્ચ આ અંગે કરવામાં આવેલી કુલ અંદાજ જોગવાઈમાંથી પુનઃ વિનિયોગ દ્વારા ગોઠવવો.

....૨/-

૫. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણાકીય સલાહકારશ્રીની તા.૧૩-૮-૭૯ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ.મો.વોરા
સેકશન અધિકારી,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
મંત્રીશ્રી, નાણાના અંગત સચિવશ્રી (વધારાની પાંચ નકલો સાથે)
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ (વધારાની ૫ નકલો સાથે)
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર (વધારાની ૫ નકલો સાથે)
X વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮, મીલ અધિકારીઓની કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
બધા કલેકટરો/બધા જીલ્લા વિકાસ અધિકારીઓ.
બધા સમાજ કલ્યાણ અધિકારીઓ (રાજ્ય અને પંચાયત)
મહાલેખાધિકારી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, હિસાબી અને તિજોરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
સ્થાનિક તપાસણી અધિકારી, અમદાવાદ.
નાણા શાખા, મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.
'જ' શાખા, ''
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર આ અંગે અખબારી યાદી બહાર પાડવા અંગે.
વિશિષ્ટ ફાઈલ-હ શાખા.

---

X પત્ર દ્વારા.